દાખલ તારીખઃ– ૦૨/૦૬/૨૦૨૬.
રજી.તારીખઃ– ૦૨/૦૬/૨૦૨૬.
ફેસલ તારીખઃ– ૦૮/૦૬/૨૦૨૬.
સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ

<u>રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.</u>

ફોજ. પર. અરજી નં. ૨૨૬/૨૦૨૬.
આંકઃ–

(૧) હાસમભાઈ ઉમરભાઈ ખફી (સુમરા મુસ્લીમ)
ઉ.આ.વ. ૪૬, ધંધોઃ મજૂરી,
રહે. સેલુકા ગામ, રામજી મંદિર પાસે,
તા. જેતપુર, જી. રાજકોટ.

(૨) અજીમ કાસમભાઈ ખફી (સુમરા મુસ્લીમ)
ઉ.આ.વ. ૨૫, ધંધોઃ મજૂરી,
રહે. સેલુકા ગામ, રામજી મંદિર પાસે,
તા. જેતપુર, જી. રાજકોટ.

(૩) ક્રિશ ચંદુભાઈ શીલુ (બ્રાહ્મણ)
ઉ.આ.વ. ૨૦, ધંધોઃ મજૂરી,
રહે. સેલુકા ગામ, મહાકાળી માતાજીના મંદિર પાસે,
તા. જેતપુર, જી. રાજકોટ...............................અરજદારો.
(તમામ હાલઃ સબ જેલ, જેતપુર)

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થ્રુ એડી.પી.પી.શ્રી, જેતપુર...........................સામાવાળા.

બાબતઃ– <u>બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી</u>.

<u>અરજદારો તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા</u>.
<u>સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા</u>.

<u>ઠ રા વ</u>

(૧) અરજદાર/આરોપીઓએ હાલની આ અરજી વિરપુર પો. સ્ટે. ગુ.

ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૧૭૨/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫)(એ) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ સદર ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી તેઓ સદરહુ ગુનામાં નિર્દોષ હોવાનું જણાવી તેમજ તેઓને બનાવમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોવાનું જણાવી અરજદાર/આરોપીઓને જામીનમુક્ત કરવા દાખલ કરેલ છે.

**(૨)** અરજીની નોટીસ વિ. એડી. પી. પી. શ્રીને બજતાં એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલાં છે ત્યારબાદ અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલાની તથા સરકારશ્રી તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યાની મૌખિક રજૂઆતો ધ્યાને લીધી તથા તપાસ કરનાર અમલદાર તરફે રજૂ સોગંદનામું ધ્યાને લીધું.

**(૩)** અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી દ્વારાં મુખ્યત્વે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીઓ નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી. અરજદારોને કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. એફ.આઈ.આર. જોતાં અરજદારો વિરૂદ્ધ કોઈ પ્રથમદર્શનિય કેસ નથી. ઈજા પામનારને કોઈ ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ નથી. અરજદારોએ જાતિ પ્રત્યે અપમાનિત કરેલ હોવાની વાત તદ્દન ખોટી છે અને ખોટી રીતે અરજદારોને ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ છે. અરજદારો મજૂરીકામ કરી ગુજરાન ચલાવે છે અને જો અરજદાર લાંબો સમય જેલમાં રહે તો તેમની ગેરહાજરીમાં તેમનાં કુટુંબનું ભરણ પોષણ થઈ શકે તેમ નથી કારણ કે, ઘરમાં કમાનાર વ્યક્તિ તરીકે અરજદારો જ છે તેમજ અરજદારો જેતપુરનાં સ્થાનિક રહેવાસી છે, સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, નાસી ભાગી જાય તેમ નથી કે અરજદારોનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારોને જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

**(૪)** વધુમાં આ કામે સરકારશ્રી તરફે વિ. એડી. પી. પી. શ્રી દ્વારાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપીઓ સામે ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપો છે. આ કામનાં ફરિયાદીના દિકરાને આરોપી નં. ૧

નાએ મારા ભાઈ સાથે કેમ ઉંચા અવાજે બોલે છે તેમ કહી, ભૂંડી ગાળો આપી તેમજ અન્ય આરપી નં. ૧, ૩, ૪ નાંઓએ ફરિયાદીનાં ઘર પાસે આવી અને તારા દિકરાને જ્યાં સંઘરવો હોય ત્યાં સંઘરી દે ગામમાં દેખાશે તો મારી નાંખીશ તેમ કહી ત્યાંથી નિકળી ગયેલ અને બાદમાં આરોપી નં. ૧ થી ૫ નાઓએ હથિયારો સાથે આવી ફરિયાદી તથા સાહેદને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ફરિયાદીને જમણા હાથના કાંડામાં ધોકાનો ઘા મારી, સાહેદને મોઢા ઉપર આંખ પાસે નખ વડે વિખોડીયા ભરી તેમજ ઝપાઝપી દરમિયાન ટીશર્ટ ફાડી નાંખી તેમજ ફરિયાદી તથા સાહેદો ઉપર પથ્થરના છૂટા ઘા કરી, સાહેદ રાઘવભાઈને માથાના ભાગે પથ્થર વડે ઈજા પહોંચાડી ગુનો કરેલ છે અને જો અરજદારોને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો તે ફરિયાદપક્ષનાં સાહેદોને તોડવા ફોડવાની કોશિષ કરે તેવી પુરેપુરી શક્યતાઓ હોઈ જેથી અરજદારોને જામીન ઉપર મુક્ત ન કરવા રજૂઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીઓની જામીન અરજી, દલીલો, પોલીસ પેપર્સ, રજૂ સોગંદનામું તેમજ પક્ષકારો દ્વારાં કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે ફરિયાદપક્ષનાં પુરાવાની વિગતવાર ચર્ચા કરવાની રહેતી નથી, પરંતુ આરોપી સામે નોંધાયેલ ગુનાની સજાની જોગવાઈ, આરોપીની ટ્રાયલ દરમિયાન હાજરી, ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક ધમકી અંગેની શક્યતાઓ તથા અરજદાર/ આરોપીએ ગુનાના કામે ભજવેલ ભાગ વિગેરે પરિબળો ધ્યાને લેવાનાં રહે છે.

આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદીના દિકરાને આરોપી નં. ૧ નાએ મારા ભાઈ સાથે કેમ ઉંચા અવાજે બોલે છે તેમ કહી, ભૂંડી ગાળો આપી તેમજ અન્ય આરપી નં. ૧, ૩, ૪ નાંઓએ ફરિયાદીનાં ઘર પાસે આવી અને તારા દિકરાને જ્યાં સંઘરવો હોય ત્યાં સંઘરી દે ગામમાં દેખાશે તો મારી નાંખીશ તેમ કહી ત્યાંથી નિકળી ગયેલ અને બાદમાં આરોપી નં. ૧ થી ૫ નાઓએ હથિયારો સાથે આવી ફરિયાદી તથા સાહેદને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ફરિયાદીને જમણા હાથના કાંડામાં ધોકાનો ઘા મારી, સાહેદને મોઢા ઉપર આંખ પાસે નખ વડે વિખોડીયા ભરી તેમજ ઝપાઝપી દરમિયાન ટીશર્ટ ફાડી નાંખી તેમજ ફરિયાદી તથા સાહેદો

ઉપર પથ્થરના છૂટા ઘા કરી, સાહેદ રાઘવભાઈને માથાના ભાગે પથ્થર વડે ઈજા પહોંચાડી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫)(એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનાં આક્ષેપો છે. વધુમાં હાલના કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેતાં જો કે હાલનાં અરજદારો વિરૂદ્ધ અગાઉ કોઈ ગુનો નોંધાયેલ હોવાનાં કોઈ આક્ષેપો નથી તેમજ અરજદારોનો પ્રથમ ગુનો છે, કોઈ ગુનાહિતી ઈતિહાસ જણાઈ આવતો નથી તેમજ હાલનાં કામે ઈજા પામનારને પણ કોઈ એવી ગંભીર પ્રકારની ઈજા થયેલ હોય કે ભોગ બનનાર હાલ સારવાર હેઠળ હોય તેવી કોઈ હકીકત હાલ રેકર્ડ જોતાં જણાઈ આવતી નથી જેથી હવે કોઈ ગંભીર ગુનાનો પણ ઉમેરો થવાની શક્યતાઓ જણાઈ આવતી નથી તેમજ અરજદારો જેતપુર તાલુકાનાં સ્થાનિક રહેવાસી છે, નાસી ભાગી જાય તેવી કોઈ શક્યતા જણાઈ આવતી નથી, દર મુદ્દતે નિયમિત રીતે હાજર રહેવાની ખાતરી આપે છે તે હકીકત તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ.** નાં ચૂકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારોને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારોને તેમની વિરૂદ્ધ નોંધાયેલ વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૧૭૨/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫)(એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ વિગેરે મુજબનાં ગુના સબબ **પ્રત્યેક અરજદારે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના

જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શ ર તોઃ</u>–**

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત** રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપર જાહેર કરવી.

(૩) **અરજદારોએ જામીન અત્રેની અદાલતમાં આપવાનાં રહેશે.**

(૪) **ઉપરોકત હુકમની જાણ કરતી ચાદી સબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.**

આ હુકમ આજરોજ **તા. ૦૮, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(Code No.GJ00727)